#162

New Week, New Mindset 😇

મિત્રો,
દરેક સોમવાર કેલેન્ડરમાં માત્ર એક નવો દિવસ નથી, પરંતુ જીવનમાં એક નવી તક છે.

ગયા સપ્તાહમાં શું ગુમાવ્યું, કોણે શું કહ્યું, ક્યાં ભૂલ થઈ – એ બધું પાછળ મૂકી દો. કારણ કે કાર ચલાવતી વખતે રિયર-વ્યૂ મિરરમાં જોઈને આગળ વધાતું નથી.

આ સપ્તાહની શરૂઆત એક નવા વિચાર સાથે કરો:
“હું ગઈકાલ કરતાં આજે થોડો વધુ સારો બનીશ.”

મોટી સફળતા એક જ દિવસમાં મળતી નથી. પરંતુ રોજના નાના સુધારાઓ, નાના નિર્ણયો અને નાની શિસ્તો મળીને એક દિવસ મોટી સફળતા બનાવે છે.

તેથી આ સપ્તાહે ફરિયાદ ઓછી કરો, ફોકસ વધારે કરો.
બહાનાં ઓછાં બનાવો, પરિણામો વધારે બનાવો.
ચિંતા ઓછી કરો, ચિંતન વધારે કરો.

યાદ રાખો,
નવું સપ્તાહ ત્યારે જ સારું બને, જ્યારે આપણું Mindset નવું બને.

તો આજે જાતને કહો:
“આ સપ્તાહ મારું છે. હું શીખીશ, વધુંશ અને જીતવા માટે સંપૂર્ણ પ્રયત્ન કરીશ.”